# ધી ગુજરાત સ્ટેટ કો-ઓપરેટીવ હાઉસીંગ ફાઇનાન્સ કોર્પોરેશન લિ.

## જમીનખત

તમો આ જમીનખત લખાવી લેનાર ધી ગુજરાત સ્ટેટ કો–ઓપરેટીવ હાઉસગ ફાઇનાસ કોર્પોરેશન લિ., (જે કો.ઓ.સોસાયટી એક્ટ નીચે રજીસ્ટર્ડ થયેલ સંસ્થા છે) જેની મુખ્ય ઓફ્સઃ ગૃહનિર્માણ બાટા શો–રૂમની બાજુમાં, આશ્રમ રોડ, અમદાવાદ ખાતે આવેલ છે અને જેને હવે પછી આ જમીનખત માં ટુકાંણ માટે સંસ્થા એ રીતે સંબોધવામાં આવેલ છે ને

(1) અમો..........................................................જાતના................
ઉ.આ.વ..................રહેવાસી......................................................

(2) અમો..........................................................જાતના................
ઉ.આ.વ..................રહેવાસી......................................................

હમો ઉપરોક્ત જામીનદાર / જામીનદારો
આ જમીનખત લખી નીચે મુજબની જામીનગીરી તથા બાંહેધરી આપીએ છીએ.

જત શ્રી................................(મને હવે પછી આ જમીનખતમાં કરજદાર તરીકે સંબોધેલ છે.) નોમીનલ સભાસદને અમારી વિનંતીથી અને અમો નોમીનલ સભાસદ થઈએ અને જામીન થઈએ તે શરતે તમને સંથાએ રૂપિયા..................... અંકે રૂપિયા......................પુરા કરજ આપવાનું નક્કી કરેલ છે કરજ આપ્યુ છે અને તે માટે અમો સંસ્થાનાં નોમીનલ સભાસદ થયા છીએ અને જામીન થયા છીએ તેનું આ જામીનખત નીચેની શરતોએ લખી આપીએ છએ.

(1) મુળ કરજદારે ઉપરોત કરજની રકમ વ્યાજ અને ખર્ચ સહીત ધીરાણની શરતો પ્રમાણે ભરપાઇ કરવાની છે અને તેમણે ધીરાણની શરતો અને જવાબદારીઓનો પુરેપુરો અમલ કરવાનો છે તે અંગે અમો જમીન થયા છીએ અને તમો સંસ્થાનું ઉપરોત ધીરાણ અંગે કરજદાર સદર ધીરાણના નાણાં ભરપાઈ કરે નહીં કે તમારુ કંઈપણ લેણું સદર કરજદાર પાસે બાકી રહે તે અમારે ભરપાઇ કરવાનું છે તથા કરજદારની કરજ વ્યાજ અને ખર્ચ સાથેની તમામ જવાબદારી અદા કરવા અને દેવું ચુકવવા અમો કબુલ થઈએ છીએ. અને આ અંગે જમીનગીરી તથા બાંહેધરી લખી આપીએ છીએ જે હું/અમો તથા અમારા વંશ વાલી વારસો ઈત્યાદી તમામને કબુલ મંજુર છે.

(2) આ જમીનગીરી સતત ચાલુ રહેશે અને આ જમીનગીરી લોન ભરપાઇ થાય ત્યાં સુછી ચાલુ રહેશે.

(3) જમીન તરીકેની અમારી જવાબદારી કરજદારની સાથે સમય વ્યાપી (co-extensive with Principal) છે અને સદર રકમ, વ્યાજ ખર્ચ સહીત સંસ્થાને વસુલ આપવા અમે સંયુક્ત ને વિભક્ત રીતે જવાબદાર છીએ.

(4) અમારૂ જમીનખત ચાલુ હોય ત્યા સુધી અમે અમારી સ્થાવર મીલ્કતો કોઇને ગીરી આપીશું નહીં, બક્ષીસ કરીશું નહીં કોઇને વેચાણ આપીશું નહીં કે તે અંગે કોઇપણ જાતની વ્યવસ્થા કરીશું નહીં કે તે ઉપર બોજો કરીશું નહીં

(5) તમો સંસ્થા કરજદારને નાણાં ભરપાઈ કરવા માટે વખતો વખત મુદ્દત વધારી આપો કે બીજી સવલત આપો તેમા અમારી સંમતી ગણી લેવાની છે. તમે મુદ્દત વધારી આપો કે બીજી સવલત આપો તેથી અમારી જામીન તરીકેની જવાબદારીને અસર થશે નહીં અને અમારી જામીન તરીકેની જવાબદારી કાયમી રેહેશે

(6) સંસ્થા નાણાં વસુલ કરવા કરજદાર સામે પગલા લે નહીં અગર કરજદાર સાથે કોઈપણ પ્રકારની ગોઠવણી કરે અગર સંસ્થા કરજદાર પાસેથી બીજી કોઈપણ જાતની જામીનગીરી અગર પેટા જામીનગીરી લે અગર કરજદાર સાથેના કરારની કોઈપણ શરતનો અમલ કરે નહીં કે અમલ થાય નહી અગર કરજદાર સાથેના કરારની શરતનો અમલ કરવામાં બેંક કસુર કરે તેથી અમો જામીનગીરી માંથી મુક્ત (Discharge) થઈશુ નહીં અને અમારી જામનગીરી ચાલુ રહેશે

(7) બેન્કે કરજદાર પાસેથી સીક્યોરીટી લીધી હોય અગર લે તેનાથી આ કરાર નીચે અમારી જામીનગીરી જુદી (Distinct) અને સ્વતંત્ર છે. સંસ્થા સીક્યોરીટી લેશે તેવા વિશ્વાસના આધારે અમો જામીન થયા નથી ઈન્ડીયન કોન્ટ્રેક્ટર એક્ટની કલમ ૧૪૦ અને ૧૪૧ જોગવાઈઓ હોવા છતા સંસ્થા કોઈપણ કારણસર સીક્યોરીટી લેવામાં કસુર કરે અગર ગુમાવે તેમ છતાં અમો આવા કારણસર જામીનગીરીમાં થી છુટા થયા છીએ તેવો દાવો કરીશું નહીં અને અમારી જામીનગીરી ચાલુ રહેશે.

(8) જો કરજદાર નાદાર થાય અગર લેણદાર સાથે ગોઠવણ કરે અગર તોડજોડ (કમ્પોઝીશન) કરે તો પણ સંસ્થા લેણદાર તરીકે ઉભી રહી શકશે અને કરજદારની મીલ્કત સાથે લેણું પુરવાર કરી શકશે અગર તોડજોડ (કમ્પોઝીશન)નો સ્વીકાર કરી શકશે અને કબુલ કરી શકશે અને અમોને બાકાત રાખી તેમાથી નાણાં અગર જે કાંઈ મળે તે લઈ શકશે અને તેમ છતા તેઓ કારણસર અમો જમીન તરીકે મુક્ત થઈશુ નહીં, વળી અમો અમારી જવાબદારીના નાણાં આપીને અગર જ્યા સુધી સંસ્થાના નાણાં પુરેપુરા ભરપાઈ થાય નહીં ત્યાં સુધી અમો સદર કમ્પોઝીશન વિગેરેમાં અમારો હક્ક્ દાવો સાબીત કરશું નહીં અને સંસ્થાના સદર કરજદાર સામેના બાકીના નાણાં માટેની અમારી જવાબદારી ચાલુ રહેશે.

(9) મુળ કરજદાર તેમના દેવા અને લીમીટેશન એક્ટના પ્રોવીઝન પ્રમાણે એક્નોલેજમેન્ટ કરે કે પાર્ટ પેમેન્ટ કરે તે અમોને કબુલ મંજુર ગણાશે અને અમો વતી પણ કર્યું ગણાશે અને તેનાથી અમો સામે પણ સદર કાયદા મુજબ મુદ્દત લંબાયેલી ગણાશે.

(10) એમો તમારી સંસ્થાના નોમીનલ સભાસદ છીએ અને સંસ્થાના સભાસદ તરીકે અમોએ જામીન અંગે આ જામીનખત લખી આપેલ છે.

(11) કરજદારે તમોને ધીરાણ અંગે કરી આપેલ કબુલાત અમોએ વાંચેલી છે અને તે અમોને કબુલ મંજુર છે.

આ જમીનખતનું લખાણ આજ તારીખ.................. ના રોજ અમોએ અમારી રાજીખુશીથી, અક્કલ, હોશિયારીથી વાંચી સમજીને તમોને શહેર.................માં કરી આપ્યુ છે તે અમોને તથા અમારા વંશવાલી વારસો ઈત્યાદી તમામને કબુલ મંજુર અને બંધનકર્તા છે તે સહીં.

| જમીનના પુરા નામ તથા સરનામાં | જમીનનો સહી |
| --- | --- |
| (૧)..................................... | (૧)........................................ |
| (૨)..................................... | (૨)........................................ |

રૂબરૂ